# ઋજુ અને બૈજુ

– જ્ઞાન ગમ્મતમાંથી સાભાર

એક હતી ઋજુ અને એક હતી બૈજુ. તે બંને એક જ શાળામાં ભણતી હતી. ઋજુ અને બૈજુ એક સાથે ભણતી હોવાથી ખાસ મિત્રો બની ગઈ હતી. તે બંને ખાસ બહેનપણીઓ હોવા છતાં બંનેના સ્વભાવમાં ખૂબ જ ફેર હતો. ઋજુ આખો દિવસ અભ્યાસનાં પુસ્તકો વાંચ્યા કરતી. પુસ્તકાલયમાં ગઈ હોય તો પણ બીજાં પુસ્તકો કદી પણ ન વાંચતી. બૈજુ ભણવાના સમયે મન લગાવીને ભણતી અને રમવાના સમયે રમતી એટલું જ નહીં, વાર્તાઓ અને જ્ઞાન–વિજ્ઞાનની ચોપડીઓ વાંચવાનો પણ તેને ઘણો શોખ હતો. બૈજુને રમતગમતમાં ભાગ લેતી જોઈ ઋજુ મૂંઝાતી અને બૈજુને કહેતી, ''તું રમ્યા કરીશ તો ભણીશ ક્યારે ? એક અઠવાડિયા પછી તો માસિક પરીક્ષા છે.

બૈજુએ કહ્યું, કે 'હજી તો આખું અઠવાડિયું બાકી છે. એટલે અભ્યાસ કરી લઈશ. વળી માસિક પરીક્ષા તો વારંવાર લેવાય છે એટલે એની બીક થોડી રખાય !'



બૈજુ અને ઋજુના વિચારોમાં આટલો તફાવત હોવા છતાં બંને વચ્ચે ખૂબ જ લાગણી હતી. એ વિચારતી કે, જો બૈજુ આટલો ઓછો અભ્યાસ કરે છે છતાં સારા માર્ક્સ લાવે છે. મારી જેમ આખો દિવસ વાંચ્યા કરે તો તેને વર્ગમાં પહેલો નંબર આવી જાય...આવો વિચાર કર્યા કરીને તે ઋજુને સમજાવ્યા કરતી. જ્યારે જ્યારે બૈજુ વાર્તાની ચોપડી વાંચવા બેસે ત્યારે ઋજુ તેને ભણવાની ચોપડી વાંચવાનું કહેતી.

એક વાર તેમના વર્ગની વિદ્યાર્થીઓને જંગલમાં ફરવા માટે લઈ જવામાં આવી. ઋજુને જવાનું મન નહોતું. પણ બૈજુના કહેવાથી તે સાથે આવવા તૈયાર થઈ. જંગલમાં જવા માટેની બધી તૈયારી કરી જેમાં કેમેરો અને વોકમેન લેવાનું બૈજુ ભૂલી નહીં. પરંતુ ઋજુએ ફક્ત એક પ્લાસ્ટિક કોથળીમાં એક ભણવાનું પુસ્તક જ લીધું. તેની ભણવાની ચોપડી જોઈને બૈજુ ચિડાઈને બોલી, આજે પણ પુસ્તક વિના તારે નહીં ચાલે ?

ઋજુ, બધા સાચું જ કહે છે કે તું પુસ્તકિયો કીડો છે. ક્યારેક તો તારાં પુસ્તકોમાંથી બહાર આવીને દુનિયા પર નજર નાખ'...બૈજુ જરા ગુસ્સે થઈને બોલી.

ઋજુ પર તેની કંઈ જ અસર ન થઈ. વનમાં પહોંચી બધી સહેલીઓ અનેક રમતો રમી. ભોજન કર્યા પછી શિક્ષિકા બહેનોએ બધાંને નાની નાની ટુકડીમાં વહેંચી દીધાં. ઋજુ અને બૈજુ એક જ ટુકડીમાં હતાં. તેઓ ફરતાં ફરતાં ઘણા આગળ જતાં રહ્યાં. ઋજુને થાક લાગ્યો તેથી તે એક ઝાડ નીચે બેસી નહીં ગયા હોય ત્યાં જ ઋજુની ચીસ તેમના કાને પડી.

''બચાવો....બચાવો....'ની ચીસ સાંભળી બધાં દોડી આવ્યાં. ત્યાં પહોંચીને જોયું તો ઋજુથી થોડા અંતરે એક રીંછ ઊભું હતું અને ઋજુ સામે જોઈ રહ્યું હતું. આ જોઈને બધાંને ભય લાગ્યો.

પણ બૈજુ જરા પણ ગભરાયા વિના શિક્ષકે આપેલી મીણબત્તી અને માચીસ લઈ આવી. તેણે મીણબત્તી સળગાવીને પોતાનો સ્કાર્ફ મીણબત્તી વડે સળગાવ્યો. આગ જોઈને રીંછ ડરીને ભાગી ગયું. ઋજુ દોડીને બૈજુને વળગી પડી.

'તને ખબર હતી કે રીંછ આગથી ડરતું હોય છે?' ઋજુએ પૂછ્યું. એટલે બૈજુએ હસીને જવાબ આપ્યો, ''હા, મેં એક વાર્તામાં વાંચ્યું હતું.''

ઋજુને પોતાની ભૂલી સમજાઈ. તેને પહેલીવાર લાગ્યું કે ખરેખર તે પુસ્તકિયો કીડો જ હતી. અભ્યાસ જરૂર કરવો જોઈએ પરંતુ સાથે સાથે બીજાં પુસ્તકો વાંચીને સામાન્ય જ્ઞાન મેળવવું એટલું જ જરૂરી છે. આ ઉપરાંત રમતગમતમાં ભાગ લઈને શરીર સ્વાસ્થ્ય જાળવવું જોઈએ.

■